© AJH 2022 | Vol. 04, Issue 01, January – March 2022

ANSH – Journal of History

ISSN (Online) No. 2582 -046X

Peer-Reviewed, Refereed & Open-Access International Journal of History

# જૂનાગઢનો ઇતિહાસ જાણવાના સાધન તરીકે 'દસ્તુરલ અમલ સરકાર ગેઝેટ'

**ડૉ.ઝેનામાબીબી અમુમીયા કાદરી**

મદદનીશ પ્રાધ્યાપક-ઇતિહાસ; ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ,

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

---

***Abstract:***

*કોઈ પણ પ્રદેશ કે ઘટનાનો ઇતિહાસ જાણવા માટે આધાર સાધનોની જરૂર પડે જ છે. જેમાં પ્રથમકક્ષાના આધાર સાધનો તપસીને લખાયેલો ઇતિહાસ મોટે ભાગે સર્વસ્વીકૃત અને સત્યની વધુ નિકટ હોવાનો સંભવ છે. દુનિયાનો કોઈ પણ સંશોધક બે-ત્રણ હેતુસર સંશોધન કરતો હોય છે. એક તો પોતે નવી જ શોધેલી કોઈ બાબતને પ્રતિપાદિત કરવા ઇચ્છતો હોય છે અથવા શોધાયેલી બાબતોમાં પ્રમાણોને આધારે નવા ફેરફારો કરવા. આવા ખ્યાલને વળગી રહીને જૂનાગઢના બાબી રાજવંશ ના ઇતિહાસને જાણવા અને છેક સ્વતંત્રતા સુધીની સળંગ માહિતી આપતા ઇતિહાસના એક અગત્યના પ્રથમ કક્ષાના સાધન તરીકે અત્રે જૂનાગઢ રાજ્યના રાજપત્ર 'દસ્તુરલ અમલ સરકાર જૂનાગઢ'નો સંક્ષિપ્ત પરિચય આપવાનો ઉપક્રમ રાખ્યો છે.*

*આ શોધપત્રમાં 'દસ્તુરલ અમલ સરકાર રાજપત્ર' શરૂ કરવા પાછળના ઉદ્દેશો,વ્યાપ, રાજ્યની પ્રજા, અંગ્રેજ સત્તા, આઝાદીના સમયે તેની ભૂમિકા, ઇતિહાસના સાધન તરીકે આજના સંશોધકોને કેટલે અંશે ઉપયોગી નિવડ્યું હતું એ અંગે ચર્ચા કરવામાં આવશે.*

***Key Words:***

*દસ્તુર, અમલ, રાજપત્ર*

**પ્રસ્તાવના :-**

કોઈ પણ પ્રદેશ કે ઘટનાનો ઇતિહાસ જાણવા માટે આધાર સાધનોની જરૂર પડે જ છે. જેમાં પ્રથમકક્ષાના આધાર સાધનો તપાસીને લખાયેલો ઇતિહાસ મોટે ભાગે સર્વસ્વીકૃત અને સત્યની વધુ નિકટ હોવાનો સંભવ છે. દુનિયાનો કોઈ પણ સંશોધક બે-ત્રણ હેતુસર સંશોધન કરતો હોય છે. એક તો પોતે નવી જ શોધેલી કોઈ બાબતને પ્રતિપાદિત કરવા ઇચ્છતો હોય છે અથવા શોધાયેલી બાબતોમાં પ્રમાણોને આધારે નવા ફેરફારો કરવા. આવા ખ્યાલને વળગી રહીને જૂનાગઢના બાબી રાજવંશના ઇતિહાસને જાણવા અને છેક સ્વતંત્રતા સુધીની સળંગ માહિતી આપતા ઇતિહાસના એક અગત્યના પ્રથમ કક્ષાના સાધન તરીકે અત્રે જૂનાગઢ રાજ્યના રાજપત્ર 'દસ્તુરલ અમલ સરકાર જૂનાગઢ'નો સંક્ષિપ્ત પરિચય આપવાનો ઉપક્રમ રાખ્યો છે.

**દસ્તુરલ અમલ સરકારનો અર્થ :-**

નવાબ મહાબતખાનજી બીજાના સમયથી જ જૂનાગઢ રાજયમાં આધુનિકતાના તત્વો અને પ્રજાલક્ષી સુધારાઓ, સગવડતાઓ વધુ પ્રમાણમાં શરૂ થઈ હતી. જૂનાગઢ રાજ્યએ પોતાની પ્રજા અને બ્રિટિશરોને રાજ્યનો અહેવાલ આપવા માટે તા. 29-10-1867 થી ગેઝેટ(રાજપત્ર) શરૂ કર્યું હતું. કોઈપણ નામ પસંદ કરવા પાછળ કેટલાક ધોરણો, વિચારસરણી, પરંપરા અને પ્રથા જોવા મળે છે. એ ન્યાયે જૂનાગઢના આ રાજપત્રનું નામ પણ રાખવામા આવેલું જણાય છે. 'દસ્તુરલ અમલ સરકાર' ઉર્દુ ભાષાના શબ્દોથી બનેલો છે.  જેનો અર્થ થાય છે – 'વ્યવહારમાં આવવાના નિયમ, કાયદા, શાસન પ્રણાલી' *1* અને સરકારનો અર્થ – 'લોકો ઉપર અમલ કરતી સત્તા'*2*. ગુજરાતીમાં દસ્તૂર (રિવાજ)+અલ (તે)+અમલ(કાયદા કાનૂન ,ધારાધોરણ ,નિયમ) એવો અર્થ થાય છે.*3* ટૂંકમાં આ રાજપત્રનું નામ જુદા જુદા શબ્દો ભેગા કરી તેમાં જૂનાગઢનું નામ ઉમેરીને પાડવામાં આવેલું જણાય છે.

**ઉદ્દેશો :-**

જૂનાગઢ રાજ્ય 21 મહાલો અને 866 ગામોમાં વહેચાયેલું રાજ્ય હતું.*4* રાજ્ય નો વિસ્તાર 3337 સ્ક્વેર માઈલનો હતો. સૌરાષ્ટ્રના આવડા મોટા વિસ્તારમાં ફેલાયેલા રાજ્ય માં એ જમાનામાં

અગત્યના સમાચારો કે પ્રજાલક્ષી સમાચારો પહોચાડવાનું કોઈ પણ સાધન વિના અઘરું હતું. તેથી આ અગવડતાને ધ્યાનમાં લઈને રાજ્ય વહીવટમાં એકરૂપતા અને ઝડપ લાવવા માટે અને પ્રજા જાગૃતિ માટે તે શરૂ કરવામાં આવ્યું હતું.

ભારતમાં કુલ 562 દેશી રજવાડા હતા, જેમાથી 222 તો માત્ર સૌરાષ્ટ્રમાં જ હતા અને એ રજવાડાઓ ઉપર બ્રિટીશ સરકારનું સાર્વભૌમત્વ હતું. એટલે બ્રિટીશ સરકારને ખુશ રાખવા તેની સિફારસ કરવી પડતી હતી અને વહીવટ પણ સારો બતાવવો પડતો હતો. આ હેતુ ની પરિપૂર્તિ અર્થે આ રાજપત્ર શરૂ કરવામાં આવેલું જણાય છે.

**શરૂઆત :-**

નવાબ મહાબતખાનજી બીજાએ પોતાના વહીવટને પારદર્શી અને પ્રજાલક્ષી બનાવવા માટે પ્રકાંડ પંડિત અને વિદ્વાન એવા વલ્લભજી હરિદત્ત આચાર્યના વડપણ હેઠળ 'દસ્તુરલ અમલ સરકાર જૂનાગઢ' નામનું રાજપત્ર બહાર પાડવાનું ઇ.સ.1867 થી શરૂ કર્યું. તેનો પ્રથમ અંક તા. 29-10-1867,વિ.સં.1924 કારતક સુદ -2 , મંગળવાર હિજરી તા. 1 રમજાનના રોજ જૂનાગઢના નીતિ પ્રકાશ છાપખાનામાંથી પ્રગટ કરવામાં આવેલ. સળંગ 82 વર્ષ એટલે કે ઇ.સ.1949 સુધી તે નિયમિત પ્રકાશિત થયું. જેના થકી જૂનાગઢના છેલ્લા ચાર નવાબોના રાજવહીવટનો સિલસિલાબંધ ઇતિહાસ જાણી શકાય છે.

**લવાજમ :-**

આ રાજપત્રનું વાર્ષિક લવાજમ ઇ.સ. 1867 થી ઇ.સ.1918 સુધી 8 દિવાનશાહી કોરી5 એટલે કે 2 રૂપિયા રાખેલ. પછીથી લવાજમ વધારીને 3 રૂપિયા અને ઇ.સ. 1943માં 6 રૂપિયા કરવામાં આવેલ. આમ 82 વર્ષ સુધીમાં ત્રણ જ વખત લવાજમમાં ફેરફાર કરવામાં આવ્યો હતો.

**વ્યાપ :-**

કોઈપણ મુખપત્ર ,સામાયિક ,માસિક કે રાજપત્રનો વ્યાપ કે ફેલાવો જાણવાથી તેનું સાચું મૂલ્યાંકન જાણી શકાય. તેના ઉપરથી તે કેટલા લોકોને ઉપયોગી થતું હશે તેની મહત્તા સમજી શકાય છે. આ રાજપત્ર આખા રાજ્યના નાના-મોટા દરેક ગામમાં અને ઓફિસોમાં શાળાઓમાં

અને વકીલો પાસે અને અન્ય રજવાડાઓમાં, કાઠીયાવાડ પોલિટિકલ એજન્સીમાં રાજ્યની જાણકારી અર્થે જતું હતું. ઘણાખરા દેશી રજવાડાઓમાં બે મહત્વના પ્રકાશનો બહાર પડતા હતા (1) રાજયનું રાજપત્ર (2) એ.ડી.એમ.રિપોર્ટ. જેમાં રાજ્યના રાજપત્ર માં પ્રજાલક્ષી માહિતી આપવામાં આવતી હતી તેથી તેની અગત્યતા વધારે હતી. તેના દ્વારા જે-તે સમયની રાજકીય,સામાજિક ,આર્થિક બાબતોનું સૌથી સ્પષ્ટ ચિત્ર જાણી શકાય છે એટલે જ આજે પણ તેની અગત્યતા ઘણી ગણી શકાય. શરૂઆતમાં તે મહિને બહાર પડતું, ઇ.સ. 1936 થી પાક્ષિક અને છેલ્લે અઠવાડિક બન્યું હતું. આ સિવાય પણ વચ્ચે વચ્ચે પ્રજાજનોને કોઈ માહિતી દેવાની જરૂર પડે તો તેનો ખાસ વધારો બહાર પાડવામાં આવતો હતો.

આ રાજપત્ર પ્રજાજનો ,અંગ્રેજો અને રાજય ત્રણેયને ખૂબજ ઉપયોગી પુરવાર થયેલું. દા.ત. આ રાજપત્રમાં રાજ્યએ કરેલા સુધારાઓ, સગવડતાઓ, પ્રસંગો, મહેમાનોની આવન-જાવન અને રાજ્યમાં પ્રચલિત ભાવ-તાલની માહિતી, ઈંગ્લેન્ડના શાસકોના હાલ-હવાલ, અવસાન, જન્મદિન નિમિતે શુભેચ્છાઓ કે આશ્વાસનપત્રો પ્રગટ કરાતા હતા.

**મુદ્રણશૈલી અને ભાષા :-**

1 ફૂટ લંબાઈ અને 8 ઇંચ પહોળાઈમાં આજના 14 ના માપના જેવા અક્ષરો માં છપાતું હતું. તે એક પાનાં માં બે વિભાગમાં છપાતું અને નાના – નાના પેટા શીર્ષકોથી વિગતો છપાતી. ચિત્રો અને તસ્વીરોના અભાવે ખાલી ખાલી ભાસતું હતું. માત્ર કોઈ શુભ પ્રસંગોએ તેને કાળા રંગને બદલે લાલ અક્ષરોમાં છપાતું હોવાથી ત્યારે ખુબજ ધ્યાનાકર્ષક લાગતું.*6*

રાજપત્રની ભાષા તો ગુજરાતી જ હતી,પરંતુ સમગ્રલક્ષી અભ્યાસ કરતાં આપણને ઓગણીસમી સદીના અંતથી માંડીને વીસમી સદીના પાંચ દાયકા સુધીની સોરઠની ભાષા અને લોકબોલીનો પરિચય થાય છે. દા.ત. પુગાડવા, જિનસો, પંડે, સોવાંગ ભાંજગડ,બુંબાટ વગેરે...

**જૂનાગઢનો ઇતિહાસ જાણવાના સાધન તરીકે:-**

આ રાજપત્રનું બાહ્ય વિવેચન કર્યા બાદ તેની આંતરિક વિગતોને ચકસતા તે આજે ઈતિહાસકારો અને સંશોધકોને કઈ રીતે ઉપયોગી થશે તે અંગે જોઈએ.

- આ રાજપત્ર માંથી જૂનાગઢના બાબી વંશના  છેલ્લા ચાર નવાબો મહાબતખાનજીબીજા, બહાદુરખાનજીત્રીજા, રસુલખાનજી અને મહાબતખાનજી ત્રીજાના સમયની રાજકીય, આર્થિક, સામાજિક વિગતો તેમજ નવાબોના કુટુંબની વિગતો પણ જાણવા મળે છે. જેમકે નવાબોના રાજ્યારોહણ, શાહજાદા – શાહજાદીઓના જન્મ-મરણ, શાહજાદાઓના સુન્નતશાદીના પ્રસંગો, મંગણી ,લગ્નોના વૃતાંતો, નવાબો, બેગમો અને અન્ય રાજપરિવારના સભ્યોના મરણ.
- જૂનાગઢના અંગ્રેજ સત્તા સાથેના સંબંધો, જૂનાગઢમાં બ્રિટિશ વહિવટદારોનું શાસન,7 ગવર્નર,વાઈસરૉયની મુલાકાતો, અંગ્રેજોની યાદગીરી રૂપ સ્થળો ,શિકાર, ઈંગ્લેન્ડના શાસકોના જન્મદિવસની રાજયમાં ઉજવણી, મરણ પ્રસંગે શોકસભા અને કાળા અક્ષરોમાં શોકની જાહેરાત દસ્તૂરલ અમલ સરકાર જૂનાગઢ ગેઝેટ માથી પ્રાપ્ત થાય છે.
- જૂનાગઢ રાજ્યનો આર્થિક વિકાસ જાણવા માટે પણ આ ગેઝેટ ખૂબ જ ઉપયોગી પુરવાર થાય છે. તેમાં નાના નાના શીર્ષકો હેઠળ રાજયમાં નવી ખુલેલી દુકાનો, ઉદ્યોગો ની જાહેરાતો આવતી. મીઠા ઉદ્યોગ,પથ્થર ઉદ્યોગ, મત્સ્ય ઉદ્યોગ,પશુપાલન ઉદ્યોગ,જીનીંગ ઉદ્યોગ, તોલમાપ અંગેના નિયમો, જૂનાગઢ સ્ટેટ બેંક,ચલણના સુધારા, દીવાનશાહી કોરીની શરૂઆત, આયાત – નિકાસના નિયમો, યુદ્ધ કે દુષ્કાળ સમયે આર્થિક પ્રતિબંધો, ખેતીવાડી, જકાત, ઇજારા..વગેરે બાબતોના અભ્યાસ થી જૂનાગઢ રાજ્યની આર્થિક પરિસ્થિતીનો ચિતાર મેળવી શકાય છે.
- જૂનાગઢમાં પ્રજાકલયાણકારી સુવિધાઓ જેવીકે, પોસ્ટ 8,તાર,રેલવે, હોસ્પિટલો, બેન્કો, શાળા, પાવરહાઉસ વગેરેની વિગતે માહિતી આપવામાં આવતી. રેલવેની ટિકિટ કે પોસ્ટની ટિકિટના દર પણ છાપવામાં આવતા જેથી પ્રજાને આગવડતા ના પડે.
- ગેઝેટ માથી તાપમાન, દરિયાઈ હવામાન,રાજયના મુખ્ય ગામોમાં પડેલા વરસાદના આંકડા, ઉનાળાના સમય દરમિયાન ઓફિસનો સમય બદલવામાં આવતો, કુદરતી આફતો સમયે પ્રજાજનોને માર્ગદર્શન, રોગચાળા વખતે રાખવાની સાવચેતી વગેરે સમાચારો ક્યારેક વધારાના અંકો બહાર પાડીને આપવામાં આવતા હતા.

- જૂનાગઢમાં હિન્દુ –મુસ્લિમ અનેક ધાર્મિક સ્થળો આવેલા છે, જેમાં ગિરનાર અને દાતાર મુખ્ય છે. આ ધાર્મિક સંસ્થાનોમાં મહંતો નિમવા, અયોગ્ય વ્યક્તિને દૂર કરવા, મહંત ના અવસાન બાદ ગેઝેટ માં જાહેરાત આપીને અરજીઓ પણ મંગાવવામાં આવતી. ગિરનાર કેસ, ગિરનારના પગથિયાં લોકભાગીદારીથી બાંધવા શરૂ કરેલી ગિરનાર લોટરી,*9* નરસિંહ મહેતાના ચોરાના જીર્ણોદ્ધારમાટે નૃસિંહ લોટરી, પાંજરાપોળ લોટરી વગેરે તેમજ શિવરાત્રિના મેળાના આયોજન, મંદિરોના નિભાવ માટે ગામોના દાન, આ સમય દરમિયાન રાજ્યમાં થયેલ કોમી તોફાનો વગેરે અનેક વિધ વિષયોની વિગતે માહિતી પ્રાપ્ત થાય છે.
- સ્વતંત્રતા સમયે જૂનાગઢ રાજ્યના જોડાણ નો પ્રશ્ન જટિલ બન્યો હતો. 15 ઓગસ્ટ 1947 ના રોજ ગેઝેટમાં જૂનાગઢ રાજયના પાકિસ્તાન સાથે જોડાણની જાહેરાત કરવામાં આવી. ત્યારબાદ 9 નવેમ્બર 1947 સુધી દિવાન શાહનવાઝ ભુટ્ટો ની હાજરી સુધી રાજ્યની તરફેણના સમાચારો પ્રગટ થતાં રહ્યા. ત્યારબાદ ભારતસંઘે જૂનાગઢનો કબજો લેતા વહીવટદાર શિવેશ્વરકરે વહીવટ સંભાળી લીધા બાદ જૂનાગઢ રાજયની બદલાયેલી નીતિ રીતિ અને રાજકીય ફેરફારોની પ્રજાજનોને જાણકારી મળતી. ભારત સરકારે બિનસાંપ્રદાયિકતાપણું બતાવવા હવેથી શુક્રવારને બદલે રવિવારની રજા, મુસ્લિમ વિદ્યાર્થીઓને હવેથી મફત શિક્ષણ નહીં મળવા બાબતની જાહેરાત, શિવરાત્રિ ના મેળા વખતે રાજ્ય તરફથી અપાતી મદદ બંધ થવાની જાહેરાત, તેમજ બહાઉદ્દીન કોલેજ માં લેવાયેલ લોકમતની રજેરજની વિગતો તેમજ નવાબી બંગલાઓ અને રસ્તાઓના નામો બદલવાની વિગતો ગેઝેટ માંથી પ્રાપ્ત થાય છે.*10*
- આ ગેઝેટ માંથી જૂનાગઢ રાજ્યના રાજકીય, આર્થિક, સામાજિક ,ધાર્મિક વગેરે જેવા અનેક પાસાઓનો તલસ્પર્શી અભ્યાસ કરી શકાય છે.

**સમાપન** :-

આજે ઇતિહાસના સંશોધનમાં રાજકીય સિવાય અનેક નવા મુદ્દાઓ પર સંશોધન કરવાનો ખ્યાલ વિકસ્યો છે, ત્યારે સંશોધકો ઇતિહાસના સ્ત્રોત તરીકે જે તે રાજ્યના ગેઝેટ, એ.ડી.એમ.રિપોર્ટ,સંસ્થાઓના મુખપત્રો, સામાયિકો, ડાયરીઓ,પત્રિકાઓ વગેરેને પોતાના

અભ્યાસનો મુખ્ય વિષય બનાવીને ઇતિહાસને લખવાનો નવો દ્રષ્ટિકોણ વિકસાવે એ હેતુ થી આ શોધ પત્ર લખવાનો ઉપક્રમ રાખ્યો છે.

**પાદનોંધ**

1. શર્મા હરિશંકર(સંપાદક), ' હિંદુસ્તાની કોશ', આગ્રા, પ્રથમ આવૃતિ,ઇ.સ. 2009, પૃ-258
2. બોમ્બેવાલા મોહિયુદ્દીન, ' ઉર્દૂ-ગુજરાતી શબ્દકોશ', ગાંધીનગર, બીજી સંવર્ધિત આવૃતિ, ઇ.સ. 2008, પૃ-854
3. જાડેજા ભગવતસિંહજી, 'ભગવદગોમંડલ', ભાગ-4, રાજકોટ,પુનઃમુદ્રણ,ઇ.સ. 1989,પૃ-3602
4. The Ruling Princes,Chiefs and Leading Personages in Western India States Agency', New Delhi, Second Ed. 1935 A.D.Page-128
5. સૌરાષ્ટ્રમાં ત્યારે ત્રણ પ્રકારની કોરીઓ અસ્તિત્વમાં હતી. જેમેકે, પોરબંદરની રાણાશાહી,નવાનગરની જામશાહી અને જૂનાગઢની દીવાનશાહી નામથી ઓળખાતી હતી
6. દસ્તૂરલ અમલ સરકાર જૂનાગઢ, ઇ.સ.1922, જુલાઇ, પૃ-1
7. દસ્તૂરલ અમલ સરકાર જૂનાગઢ, સં-1969, ફાગણ(વધારો બીજો), પૃ-1
8. Malavia,R.A., 'Sorath Stamps and Postal History',Junagadh, First Ed.1999 A.D.,Page- 13
9. દસ્તૂરલ અમલ સરકાર જૂનાગઢ, સં-1948, મહા,પૃ-80
10. દસ્તૂરલ અમલ સરકાર જૂનાગઢ, ઇ.સ.1948,જુલાઇ,પૃ-347